# અમારી પાસે પ્લાન A અને પ્લાન B પણ છે.



| લાભો | પ્લાન A | પ્લાન B |
|---|---|---|
| વીમિત રકમ વિકલ્પ ઉપલબ્ધ | ₹3 લાખ, ₹6 લાખ, ₹9 લાખ | ₹12 લાખ, ₹15 લાખ, ₹18 લાખ |
| ડોમેસ્ટિક રોડ એમ્બ્યુલન્સ | ₹1,500 સુધી | ₹3,000 સુધી |
| પોલિસી સેવા બાંયધરી | પોલિસી જારી કરવામાં વિલંબ માટે ₹10,000ની વીમિત રકમ | પોલિસી જારી કરવામાં વિલંબ માટે ₹20,000ની વીમિત રકમ |
| નો ક્લેઈમ નવીનીકરણ માટે અકસ્માતી મૃત્યુ રક્ષણ | લાગુ નહીં | ₹1 લાખનો અંગત અકસ્માત – પોલિસીધારક – વીમિત માટે મૃત્યુ રક્ષણ |
| મફત વીમા નવીનીકરણ | લાગુ નહીં | પોલિસીધારક – વીમિત ઉલ્લેખિત ગંભીર બીમારીથી પીડાય તો વન ટાઈમ નવીનીકરણ પ્રીમિયમ માફી |
| પૂર્વ અને પશ્ચાત હોસ્પિટલાઈઝેશન ખર્ચ | 60 દિવસ સુધી | |
| મૂળ વીમિત રકમ પુનઃસ્થાપિત કરવી | મૂળ વીમિત રકમના 100% સુધી એક પુનઃસ્થાપિત, જે સંબંધિત બીમારી/ઈજા માટે 20% સુપરત કરવાને આધીન રહેશે. | |
| હોસ્પિટલાઈઝેશન ખર્ચ<br>a) ઈન-પેશિયન્ટ ઉપચાર<br>b) દિવસ સંભાળ ઉપચાર | વીમિત રકમ સુધી રક્ષણ | |
| દાતા ખર્ચ | મૂળ વીમિત રકમના 50% સુધી રક્ષણ, જે મહત્તમ ₹5 લાખને આધીન છે. | |
| ડોમિસિયલરી હોસ્પિટલાઈઝેશન | મૂળ વીમિત રકમના 10% સુધી રક્ષણ, જે મહત્તમ ₹50,000ને આધીન છે. | |
| વેલનેસ | હા | |
| એકત્રિત બોનસ | દરેક દાવા મુક્ત વર્ષ માટે મૂળ વીમિત રકમમાં 33.33% વધારો, મહત્તમ 100% સુધી<br>દરેક દાવા મુક્ત વર્ષ માટે મૂળ વીમિત રકમમાં 33.33% ઘટાડો, મહત્તમ કમાયેલા એકત્રિત બોનસ સુધી. | |
| કોલ ઓપ્શન*# | મહત્તમ વીમિત રકમ (મૂળ + એકત્રિત બોનસ) મૂળ વીમિત રકમ (પ્રથમ પોલિસી સમયગાળા હેઠળ)ના લઘુતમ ચાર ગણા અથવા ₹50 લાખ રહેશે. તે 60 વર્ષની ઉંમર સુધી અજમાવી શકાય છે. કોલ ઓપ્શન અજમાવવા પર વધારાનું પ્રીમિયમ લાગુ થશે. | |
| દાવા સેવા બાંયધરી | કેશલેસ દાવાના સંજોગોમાં– જો સર્વ માહિતી/દસ્તાવેજો પ્રાપ્ત થયા પછી 6 કામકાજના દિવસોની પાર વિલંબ થાય તો દાવાની રકમના 1% પરંતુ મહત્તમ 6% સુધી ચૂકવવામાં આવે છે.<br>ભરપાઈના દાવાના સંજોગોમાં– જો સર્વ માહિતી/દસ્તાવેજો પ્રાપ્ત થયા પછી 21 દિવસની પાર વિલંબ થાય તો દાવાની રકમના 1% પરંતુ મહત્તમ 6% સુધી ચૂકવવામાં આવે છે. | |
| આયુષ ઉપચાર | વીમિત રકમના 100% સુધી રક્ષણ | |
| આધુનિક ઉપચાર | વીમિત રકમના 50% સુધી રક્ષણ | |

*#દરેક 4 લાગલગાટ દાવા મુક્ત પોલિસી વર્ષને અંતે એક વાર

## તમારા પાત્રતા માપદંડને તપાસો

| લાભો | પ્લાન A | પ્લાન B |
|---|---|---|
| પ્રવેશ ઉંમર - મહત્તમ | 65 વર્ષ,<br>₹3 લાખની વીમિત રકમ માટે કોઈ પ્રવેશ ઉંમર બાધ નથી | 65 વષ |
| પ્રવેશ ઉંમર - લઘુતમ | ફ્લોટર પ્લાન હેઠળ 91 દિવસથી 25 વર્ષ ઉંમરના નિર્ભર બાળક** આવરી શકાય છે. 5 વર્ષથી વધુ ઉંમરના બાળકના કિસ્સામાં પ્રસ્તાવકર્તા તરીકે 18 વર્ષ અને વધુ ઉંમરના કમસેકમ એક સભ્ય સાથે વ્યક્તિગત તરીકે આવરી લઈ શકાય છે. | |
| એક્ઝિટ ઉંમર | એક્ઝિટ ઉંમર નહીં. આ પોલિસી આજીવન નવીનીકરણક્ષમતા ઓફર કરે છે. | |
| વ્યક્તિગત પોલિસી | એકસમાન પોલિસી હેઠળ વ્યક્તિગત રીતે મહત્તમ 6 સભ્યોને આવરી લઈ શકાય છે. | |
| ફ્લોટર પોલિસી | એકસમાન ફ્લોટર હેઠળ મહત્તમ 6 સભ્યને આવરી લઈ શકાય છે = 4 (બાળક) + 2 (પુખ્ત) | |
| પોલિસી જારી કરવા પૂર્વે તબીબી તપાસ | >= 46 વર્ષ | >= 18 વર્ષ |

## શરતો લાગુ

| | |
|---|---|
| રૂમની પાત્રતા | સિંગલ પ્રાઈવેટ રૂમ# |
| સહ-ચુકવણી | દાવાની રકમના 20%<br>ફ્લોટર પોલિસીમાં : બધા વીમિત માટે જો સૌથી વધુ ઉંમરના સભ્યની ઉંમર પ્રવેશ સમયે 61 વર્ષ કે વધુ હોય.<br>વ્યક્તિગત પોલિસીમાંઃ પ્રવેશ સમયે 61 વર્ષ કે વધુ ઉંમર હોય તેવા વીમિત માટે. |
| પોલિસીની મુદત | 1 વર્ષ અથવા 2 વર્ષ |

## થોભવાનો સમયગાળો

| | |
|---|---|
| પ્રથમ 30 દિવસનો થોભવાનો સમયગાળો | અકસ્માત સંબંધી દાવા સિવાય કોઈ પણ બીમારીના ઉપચાર સામે પોલિસી તારીખથી શરૂ થવાથી 30 દિવસ |
| પૂર્વ-મોજૂદ રોગનો થોભવાનો સમયગાળો | પીઈડીના ઉપચાર સંબંધી ખર્ચ માટે 3 વર્ષનો સમયગાળો. પ્રથમ પોલિસીના આરંભની તારીખ પછી 36 મહિનાનું એકધાર્યું રક્ષણ આવશ્યક છે. |
| ચોક્કસ થોભવાનો સમયગાળો+ | ચોક્કસ રોગો પર 2 વર્ષનો થોભવાનો સમયગાળો લાગુ છે. પ્રથમ પોલિસીના આરંભની તારીખ પછી 24 મહિનાનું એકધાર્યું રક્ષણ આવશ્યક છે. |

રિલાયન્સ હેલ્થ ગેઈન પોલિસી UIN: RELHLIP21514V022021

## પોલિસી બધું આવરી લે છે, પરંતુ આ^

રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સમાં અમે પારદર્શકતામાં વિશ્વાસ રાખીએ છીએ. દાવો કરવા સમયે તમને કોઈ પણ અસુખદ અનુભવનો સામનો કરવો નહીં પડે તે માટે પોલિસીમાં મુખ્યત્વે અમુક શું સમાવિષ્ટ નથી તેની નોંધ લોઃ

- તપાસ અને મૂલ્યાંકન/વેલનેસ અને રિજુવિનેશન
- આહારી પૂરકો અને પદાર્થો
- અકસ્માત દાઝવું કે કેન્સર સિવાયની કોસ્મેટિક કે પ્લાસ્ટિક સર્જરી
- જોખમી અથવા સાહસિક સ્પોર્ટ્સ
- કાયદાનો ભંગ
- માદક પદાર્થ અને શરાબ સેવન
- 7.5 ડાયોપ્ટર કરતાં ઓછી રિફ્રેક્ટિવ ક્ષતિ
- વંધ્યત્વ અને બિન–પ્રજોત્પાદકતા
- પ્રસૂતિ ખર્ચ
- દંત ઉપચાર
- બહારી કોન્જેનિટલ એનોમલી
- આયુષ સિવાય નોન–એલોપેથી/ઉપચાર
- જાતને ઈજા પહોંચાડવી અથવા આત્મહત્યા
- અણુ હુમલો/યુદ્ધ

નોંધઃ પોલિસીનો પ્રસ્તાવકર્તા પ્રસ્તાવની તારીખે કમસેકમ 18 વર્ષનો હોવો જોઈએ.
#તમારી પોલિસી તમને 'સિંગલ પ્રાઈવેટ રૂમ' માટે તમને આવરી લે છે. જો તમે પાત્ર શ્રેણી કરતાં મુકામની ઉચ્ચ શ્રેણીમાં દાખલ થયા તો તમને આવરી લેવાયેલા તબીબી ખર્ચનું રેટેબલ પ્રમાણ ભોગવવાનું રહેશે.

+રોગોની વિગતવાર યાદી માટે અમારી વેબસાઈટ www.reliancegeneral.co.in પર ઉપલબ્ધ પ્રોસ્પેક્ટસ/પોલિસી શબ્દાંકન વાંચો.

**નૈસર્ગિક અથવા કાનૂની રીતે દત્તક લીધેલું અથવા પ્રસ્તાવકર્તા પર નાણાકીય રીતે આધાર રાખતું.

^આ યાદી સાંકેતિક છે. સામાન્ય અને કાયમી અપવાદોની વિગતવાર સમજ માટે અમારી વેબસાઈટ www.reliancegeneral.co.in પર ઉપલબ્ધ પ્રોસ્પેક્ટસ/પોલિસી શબ્દાંકન વાંચો.

Digital India Power To Empower | RELIANCE GENERAL INSURANCE | CSC e-Governance Services India Limited

હેલ્થ ઈન્શ્યુરન્સ

# રિલાયન્સ હેલ્થ ગેઈન પોલિસી

## ઈઝી મેડિકલ ઈન્શ્યુરન્સ હવે એક ટેપ પર

Tech+ ❤ = Live Smart





આરોગ્ય સોનું છે અને તે પથ્થર પરની લકીર રહેશે. જોકે વ્યસ્ત જીવનશૈલી, વાયુ પ્રદૂષણ, ભૂતપૂર્વ ફ્લૂનો ચેપ અથવા અમુક ખોટા ડાન્સ મુવ્ઝ તમને કોઈ પણ સમયે તબીબી કટોકટીમાં સપડાવી શકે છે. આવા સમયે ઝડપથી સાજા થવાની તમારી પ્રાર્થના અને ઝડપી કેશલેસ દાવા પતાવટ માટે તમારી જરૂર એમ બંને લાગણીઓને અમે સમજીએ છીએ. તે ધ્યાનમાં રાખીને અમે રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સમાં તમારે માટે એવું વીમા રક્ષણ લઈને આવ્યા છીએ, જે તમારા આરોગ્યને જરૂરી સંભાળ જાણતા સંપૂર્ણ હૃદય સાથે ઝડપી સહાય માટે ટેકનોલોજીની સુવિધા પ્રદાન કરે છે.

**રિલાયન્સ હેલ્થ ગેઈન પોલિસી Tech + ❤ સાથે**
**Live Smart ની નવી રીત છે.**

## અમારી પસંદગી કરવાનાં 5 અતુલનીય કારણ

### ઈઝી મેડિકલ ઈન્શ્યુરન્સ (ઈએમઆઈ)

તમે વીમા રક્ષણ લો ત્યારે સૌપ્રથમ તેનું પ્રીમિયમ જુઓ છો અને મોટા ભાગના લોકો ઓછી વીમિત રકમ અથવા સસ્તું વાર્ષિક પ્રીમિયમ લેવાનો આગ્રહ રાખતા હોય છે. આ જોતાં અમે તમારું નિર્ણય લેવાનું આશાન બનાવી દીધું છે. અમારી રિલાયન્સ હેલ્થ ગેઈન પોલિસી સહજ માસિક અને ત્રિમાસિક પ્રીમિયમ હપ્તા સાથે આવે છે. આથી પૂરતી વીમિત રકમ અને અનુકૂળ ઈએમઆઈ પસંદ કરો.

### રિસ્ટોર. રિફિલ. રિચાર્જ.

જો તબીબી દાવાથી તમારી પોલિસીની વીમિત રકમ ખતમ થઈ જાય તો અમે તમારા ઉપયોગ માટે તે 100% આપોઆપ રિસ્ટોર કરીએ છીએ. આ પછી વીમિત રકમના 20% પોલિસી દરમિયાન અગાઉ જેને માટે દાવો કરવામાં આવ્યો હતો તે માટે સંબંધિત બીમારી માટે ઉપયોગ કરાઈ શકે છે અને વીમિત રકમના 100% નવી અને અસંબંધિત બીમારી માટે ઉપયોગ કરી શકાય છે.

### દાવાને ના. બોનસને હા.

જો તમે પોલિસી વર્ષ દરમિયાન કોઈ દાવો નહીં કર્યો હોય તો અમે કોઈ પણ વધારાના ખર્ચ વિના તમારી મૂળ વીમિત રકમ પર 33.33 %નો એકત્રિત બોનસ તમને આપીએ છીએ. 4 લાગલગાટ દાવા મુક્ત વર્ષના અંતે તમે તમારા એકત્રિત બોનસનો ઉપયોગ કરીને તમારી વીમિત રકમ બેગણી કરવા કોલ–ઓપ્શન પણ ઉપલબ્ધ કરી શકો છો. કુલ એકત્રિત બોનસ વીમિત રકમના 100%થી વધુ નહીં હોઈ શકે.

### ઝડપી પોલિસી. ઝડપી દાવો. અમારી બાંયધરી.

તમારા દસ્તાવેજો મળતાં જ અમે ઝડપથી પોલિસી જારી કરવાની બાંયધરી આપીએ છીએ, પરંતુ જો અમને પોલિસી જારી કરવામાં 10 કામકાજના દિવસથી વધુ વિલંબ થાય તો અમે ₹20,000 સુધી એકસામટી વધારાની વીમિત રકમ તમને ચૂકવીશું. દાવા દરમિયાન હોસ્પિટલનાં બિલોની પતાવટ એ હોસ્પિટલાઈઝેશનનો અત્યંત મહત્ત્વપૂર્ણ ભાગ હોય છે અને જો દાવાની વિનંતી અને દસ્તાવેજીકરણ બરોબર હોય, છતાં અમે 6 કામકાજના દિવસમાં કેશલેસ દાવાને પ્રતિસાદ નહીં આપી શકીએ અથવા 21 દિવસમાં દાવો ભરપાઈ નહીં આપીએ તો અમે મહત્તમ 6 % સુધી દાવાની રકમના 1 % ચૂકવવા માટે ઉત્તરદાયી રહીશું.

### મફત વીમા નવીનીકરણ, કારણ કે અમને ફિકર છે

જો પોલિસી હેઠળ આવરી લેવાયેલા વહાલાજનને પહેલી વાર નિમ્નલિખિતમાંથી કોઈ પણ બીમારીનું નિદાન થાયઃ

- નિર્દિષ્ટ તીવ્રતાનું કેન્સર
- ઓપન ચેસ્ટ કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટ
- કાયમી લક્ષણોમાં પરિણમતો સ્ટ્રોક
- હઠીલાં લક્ષણો સાથે મલ્ટીપલ સ્ક્લેરોસિસ

તો તેમનું નીમા રક્ષણ એક વાર મફતમાં નવીનીકરણ કરી અપાશે.

*નિયમો અને શરતોને આધીન તમને કોઈ પણ સમયે ડોક્ટર/મફત હેલ્પલાઈન પૂરી પડાશે અથવા સેવા પ્રદાતા કે અમારા દ્વારા આરોગ્ય સંબંધી માહિતી અને સેવાઓ માટે પોર્ટલને પહોંચ અપાશે.

## તમારું મન બનાવવા માટે 5 વધુ કારણ

### વેલનેસ આવશ્યક અને કોમ્પ્લિમેન્ટરી* છે

તમે અમારા પોલિસીધારક હોય ત્યારે તમને અમારા હેલ્થ પોર્ટલ અને આરહેલ્થ આસિસ્ટ એપ થકી કોમ્પ્લિમેન્ટરી વેલનેસ સેવાઓ મળે છે, જેમાં તમે તબીબી સલાહ લઈ શકો અને ટેલિફોનિક અથવા ઓનલાઈન ડોક્ટર કન્સલ્ટેશન લઈ શકો છો.

### અમે નજીક અને કેશલેસ છીએ

અમે તમને ભારતમાં ગમે ત્યાં, તમારા ઘર નજીક અથવા તેનાથી દૂર કેશલેસ દાવાની સુવિધા આપતી હોસ્પિટલોના અમારા 7300 + વ્યાપક નેટવર્કમાં ઉત્તમ ઉપચાર અને રિકવરી માટે તમારી હોસ્પિટલ પસંદ કરવાની સ્વતંત્રતા આપીએ છીએ.

### અમે જીવનભર જોડે રહીએ છીએ.

તમે અમને હમણાં કે પછીથી પસંદ કરો, અમારી પોલિસી એક્ઝિટ ઉંમર વિના આજીવન નવીનીકરણક્ષમ છે. આનો અર્થ તમને અમારી જ્યારે પણ જરૂર પડે ત્યારે અમે તમારી સાથે છીએ.

### વરિષ્ઠ નાગરિક અને વિસ્તારિત પરિવાર માટે રક્ષણ

અમે 65 વર્ષથી વધુ ઉંમર (ફક્ત ₹3 લાખ સુધી વીમિત રકમ)ના વરિષ્ઠ નાગરિકો માટે રક્ષણ આપીએ છીએ અને તે ઉપરાંત તમારા જીવનસાથી, પુત્રી/પુત્ર, માતા/પિતા, ભાઈ–બહેન, દાદા/દાદી, પૌત્રી/પૌત્ર અને પુત્રવધૂ/જમાઈ સહિત તમારા આખા પરિવારને પણ રક્ષણ આપી છીએ, કારણ કે તમે તેમને પ્રેમ કરો છો અને શ્રેષ્ઠતમ સાથે તેમનું રક્ષણ કરવા માગો છો તે અમે જામીએ છીએ.

### કર બચત તમારા ખિસ્સામાં પાછી આવે છે.

આ પોલિસી તમને કર લાભ પણ આપે છે. પ્રીમિયમ આવકવેરા ધારા 1961ની કલમ 80ડી હેઠળ કપાત માટે પાત્ર છે. આ લાભ પર વધુ માહિતી માટે તમારા ટેક્સ એડવાઈઝરની સલાહ લો.
નોંધઃ કર કાયદાઓ ફેરફારને આધીન છે.



## ડિસ્કાઉન્ટ્સ, ડિસ્કાઉન્ટ્સ અને વધુ ડિસ્કાઉન્ટ્સ

### કાર ગ્રાહક ડિસ્કાઉન્ટ

જો તમે રિલાયન્સ કાર ઈન્શ્યુરન્સના ગ્રાહક હોય તો તમને વિશેષ ડિસ્કાઉન્ટ મળશે. રિલાયન્સ પ્રાઈવેટ કાર પેકેજ પોલિસીના ગ્રાહકો માટે પ્રીમિયમ પર 5% ડિસ્કાઉન્ટ.

### બાળકી અને એકલી મહિલાનું ડિસ્કાઉન્ટ

તમારી નાની દીકરીની પોલિસી લો અથવા તમે એકલી મહિલા હોય તો વિશેષાધિકાર મેળવો. બાળકી અથવા એકલી મહિલા તરીકે પોલિસી લેવા માટે પ્રીમિયમ પર 5% ડિસ્કાઉન્ટ.

### ફેમિલી ડિસ્કાઉન્ટ

તમે ફેમિલી ફ્લોટર પ્લાનને બદલે એક જ પોલિસીમાં વ્યક્તિગત રીતે એકથી વધુ પરિવારના સભ્યોની પોલિસી લો છો ત્યારે પરિવારના આકારને આધારે વિશેષ ડિસ્કાઉન્ટ માણો. પોલિસી પ્રીમિયમ પર 5%/10% ઓફર કરવામાં આવે છે.

### પોલિસીની મુદતનું ડિસ્કાઉન્ટ

2 વર્ષની પોલિસી માટે 7.5% ડિસ્કાઉન્ટ*

નોંધઃ સર્વ ડિસ્કાઉન્ટની કુલ રકમ એકત્રિત 15%થી વધુ નહીં રહેશે.

## દાવો કરવાનાં આસાન પગલાં

અમારી આરોગ્ય દાવાની ટીમને આરકેરને તમારા હોસ્પિટલમાં દાખલ થવા વિશે જાણકારી આપો. તમારા હેલ્થ કાર્ડ પર આ માટે હેલ્પલાઈન નંબર 1800 3009 આપવામાં આવ્યો છે તેનો ઉપયોગ કરો.

આરકેરને આવશ્યક દસ્તાવેજો સુપરત કરો.

**નેટવર્કની હોસ્પિટલ** - આરકેર કેશલેસ સુવિધાની વ્યવસ્થા કરશે
**નોન-નેટવર્ક હોસ્પિટલ** - ભરપાઈના દાવા માટે કૃપયા અમારા પોલિસી શબ્દાંકનમાં ઉલ્લેખ મુજબ પ્રક્રિયાનું પાલન કરો.

**સ્માર્ટ પસંદગી કરવા માટે હમણાં જ અમારો સંપર્ક કરો**

| | |
|---|---|
| વેબસાઈટ | reliancegeneral.co.in |
| કોલ કરો | 1800 3009 (ટોલ ફ્રી)<br>022-4890 3009 (પેઈડ)<br>**022-33834185 (પેઈડ)-<br>વરિષ્ઠ નાગરિકો માટે એક્સક્લુઝિવ** |
| વ્હોટ્સએપ | 74004 22200 |

**અમારા વીમા સલાહકારનો સંપર્ક કરો**

**શું તમને BroBot સ્પીડ જોઈએ છે? તો અમારી સાથે ડિજિટલ બનો.**

**રિબેટ્સની મનાઈ - વીમા કાયદા (સુધારણા) ધારા 2015 દ્વારા સુધારિત મુજબ વીમા ધારા 1938ની કલમ 41.**
યોજનામાં દર્શાવવામાં આવેલા પ્રીમિયમનું કોઈ પણ રિબેટ અથવા ચૂકવવાપાત્ર કમિશન સંપૂર્ણ અથવા હિસ્સામાં કોઈ પણ રિબેટ, ભારતમાં જીવન અને મિલકત સંબંધી જોખમના કોઈ પણ પ્રકાર સંબંધમાં વીમો લેવા અથવા નવીનીકરણ કરવા અથવા ચાલુ રાખવા માટે કોઈ પણ વ્યક્તિને આગ્રહ કરીને પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ વીમા આપવાની કોઈ પણ વ્યક્તિને મંજૂરી નથી અથવા આવી ઓફર નહીં કરી શકશે કે કોઈ પણ વ્યક્તિ યોજના લેતી હોય અથવા નવીનીકરણ કરતી હોય અથવા ચાલુ રાખતી હોય તે કોઈ પણ રિબેટ સ્વીકારશે નહીં, સિવાય કે આવું રિબેટ વીમા કંપનીના પ્રસિદ્ધ કરેલા પત્રક અથવા કોષ્ટક અનુસાર મંજૂરી આપવામાં આવી હોય. કોઈ પણ વ્યક્તિ આ કલમની જોગવાઈનું પાલન કરવામાં કસૂર કરશે તો દંડ સાથે સજાપાત્ર રહેશે, જે ₹10 લાખ સુધી હોઈ શકે છે.

લાભો, રક્ષણ, નિયમો અને શરતો અને અપવાદો પર સંપૂર્ણ વિગતો માટે અમારી વેબસાઈટ www.reliancegeneral.co.inની વિઝિટ કરો અને વીમો લેવા પૂર્વે વેચાણ પત્રક, સૂચીપત્ર અને પોલિસી શબ્દાંકન ધ્યાનપૂર્વક વાંચો. કર કાયદા ફેરફારને આધીન છે.

**આઈઆરડીએઆઈ નોંધણી નં. 103. રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સ કંપની લિમિટેડ,**
નોંધણીકૃત અને કોર્પોરેટ કાર્યાલયઃ રિલાયન્સ સેન્ટર, સાઉથ વિંગ, 4થો માળ, વેસ્ટન એક્સપ્રેસ હાઈવે નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400 055. કોર્પોરેટ આઈડેન્ટિટી નંબરઃ U66603MH2000PLC128300. રિલાયન્સ હેલ્થ ગેઈન પોલિસી UIN: RELHLIP21514V022021. ઉક્ત પ્રદર્શિત ટ્રેડ લોગો અનિલ ધીરુભાઈ અંબાણી વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડનો છે અને રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સ કંપની લિમિટેડ દ્વારા લાઈસન્સ હેઠળ ઉપયોગ કરાયો છે. દરો ફક્ત થર્ડ પાર્ટી માટે નિશ્ચિત કરાયા છે* કૃપા કરીને કોઈ પણ શબ્દ કે અર્થ સ્પષ્ટ રીતે સમજવા માટે અંગ્રેજી પત્રક પણ જુઓ*

અમારી સાથે જોડાઓ

An ISO 9001:2015 Certified Company

RGI/MCOM/CO/HEATH GAIN /BR/VER.2.0/121020.